# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે “મન કી બાત” કાર્યક્રમની 114મી કડીમાં વૃક્ષારોપણના મહાઅભિયાન “એક પેડ માં કે નામ”માં દેશવાસીઓને જોડાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી મોદીએ કહ્યું, ‘આ અભિયાન થકી સમાજને આશ્ચર્યચકિત કરી દેનારા પરિણામ મળ્યા છે, જે ઘણા જ પ્રેરણાદાયી છે.’ તેમણે ઉંમેર્યું કે, ‘દેશની હજારો વિદ્યાલયમાં પણ ઘણા ઉત્સાહથી લોકો આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે.’ પ્રધાનમંત્રીએ તેલંગાણાના કે. એન. રાજશેખરનું ઉદાહરણ આપતા કહ્યું કે, શ્રી રાજશેખરે દોઢ હજારથી વધુ વૃક્ષ વાવ્યા છે. વૃક્ષારોપણ અંગે ગુજરાતે બનાવેલા વિક્રમનો ઉલ્લેખ પણ પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમમાં કર્યો હતો.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી – મન કી બાત)

. . . . . . . . . . . . . .

# WORLD HEART DAY – DISTRICT

મોરબીમાં આજે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે મેરેથૉન અને સાઈક્લોથૉન યોજાઈ ગઈ, જેમાં મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, યુવાનો સહિત એક હજાર 500થી વધુ લોકોએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક, તબીબોએ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ તરફ જામનગરમાં 108 એમ્બુલન્સ ઇમરજન્સી ટીમે વિશ્વ હૃદય દિવસની ઉજવણી નિમિત્તે પોલીસ વિભાગ અને એસ. ટી. વિભાગના કર્મચારીઓની આરોગ્યની ચકાસણી કરી તેમને માર્ગદર્શન આપ્યું હતું.

-------------------

## GANDHINAGAR NAVRATRI SECURITY

નવરાત્રિ મહોત્સવની સુરક્ષા અંગે ગાંધીનગર રેન્જ આઈ.જી. વિરેન્દ્રસિંહ યાદવે કહ્યું, 'ગાંધીનગર, અરવલ્લી, મહેસાણા, સાબરકાંઠા એમ તમામ જિલ્લાઓમાં પોલીસ સતર્ક છે. તમામ જિલ્લાના પોલીસ અધિક્ષક અને આયોજકો વચ્ચે નવરાત્રિ અંગે બેઠક પણ યોજવામાં આવી છે.' વધુમાં શ્રી યાદવે આ મુજબ જણાવ્યું....

(બાઈટ - વિરેન્દ્રસિંહ યાદવ - ગાંધીનગર રેન્જ IG)

-----------------

## GANDHINAGAR GARBA AYOJAK

રાજ્ય સરકારે નવરાત્રિ મહોત્સવ દરમિયાન મોડી રાત સુધી ગરબા રમવાની મંજૂરી આપતા ગરબા આયોજકોએ સરકારના આ નિર્ણયને

આવકાર્યો છે. રાજ્યના એક ગરબા આયોજકે સરકારે આપેલી મંજૂરીનો યોગ્ય ઉપયોગ કરવા ગરબા ખેલૈયાઓને અપીલ કરી હતી.

-----------------------------------

## WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 32 જિલ્લાના 186 તાલુકામાં સરેરાશ 16.10 મિલીમીટર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સત્તાવાર આંકડા અનુસાર, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 136 ટકા વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે 185 ટકા વરસાદ ફક્ત કચ્છ ઝોનમાં, જ્યારે 145 ટકા વરસાદ સૌરાષ્ટ્ર અને સૌથી ઓછો 114 ટકા વરસાદ ઉત્તર ગુજરાત ઝોનમાં નોંધાયો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ પણ અત્યાર સુધી ૭૭ ટકા જેટલો ભરાઈ ગયો છે.

-----------------------------------

## RAIN DISTRICT

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે જંબુસર, ભરૂચ અને આમોદ સહિત અન્ય તાલુકામાં અંદાજિત અડધો ઇંચ વરસાદ નોંધાયો છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે ઉકાઈ બંધતેની પૂર્ણતઃ સપાટીની નજીક પહોંચ્યો છે. હાલમાં બંધની સપાટી ૩૪૪.૬૦ ફૂટ છે જે વાસ્તવિક ભયજનક સપાટી વટાવી જવાના આરે છે.

મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે કડાણા બંધમાં પાણીની આવક યથાવત રહેતા ડેમના ૬ દરવાજા ૨ ફૂટ ખોલવામાં આવ્યા છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે જિલ્લામાં આવેલ પાનમ જળાશયમાં પાણીની આવક ઘટતાં અગાઉ ખોલેલા ત્રણ દરવાજામાંથી એક દરવાજો બંધ કરાયો છે. હાલમાં પાનમ બંધની ૧૨૭.૩ મીટરની સપાટી પર છે. જેની નોંધ લેવા પંચમહાલના સહેરા અને મહીસાગરના સંતરામપુર તથા લુણાવાડા તાલુકાના અસરગ્રસ્ત ગામોને જણાવાયું છે.

----------